
For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## સૂર્યપુરના વિકાસનો સાક્ષી બની રહ્યો છે સુરતનો સૂર્યાસ્ત



■ પહેલા સુરતનું નામ સૂર્યપુર હતું. સૂર્યના પરિવાર સાથે સુરત અનોખી રીતે સંકળાયેલું છે. સુરતમાંથી પસાર થતી નદી તાપીમાતા સૂર્યપુત્રી છે. તો સુરતમાં અશ્વિનીકુમાર વિસ્તાર છે. જે બંને સૂર્ય અને સંજ્ઞાના પુત્રો છે. સૂર્યપુત્રી તાપી સમક્ષ સૂર્ય ભલે અસ્ત થઇ રહ્યો છે તે ફરીથી કાલે ઉગશે. તેવી જ રીતે સુરતનો વિકાસ પણ વણથંભ્યો છે. અહીંથી મેટ્રો પસાર થવાની છે તેના બ્રિજની કામગીરી અડધી ઉપરાંત થઇ ચૂકી છે. આ વિકાસનો સાક્ષી પણ સૂર્ય હંમેશા રહેશે. **(તસવીર : હેમંત ડેરે)**

# જંબુસર તાલુકામાં 2.8ની તીવ્રતાના ભૂકંપથી ગભરાટ

**મળસકે** ૪.૫૬ વાગે ભૂકંપ આવતા લોકો જાગી ગયા

ભરૂચ: ભરૂચ જિલ્લામાં શનિવારે મળસકે ભૂકંપ આવતાં ઊંઘેલા લોકો જાગી ગયા હતા. જો કે, વાસ્તવમાં ભરૂચ જિલ્લામાં હળવો આંચકો અનુભવાયો હતો. શનિવારે મળસકે લગભગ 4.56 વાગ્યાની આસપાસ લોકોને ધરતી હળવી ધ્રૂજી હોવાની અનુભૂતિ થઈ હતી. જેને કારણે કેટલાક લોકો ઊંઘમાંથી જાગી ગયા હતા.

ભૂકંપનું કેન્દ્ર ભરૂચથી અંદાજે 45 કિલોમીટર દૂર જંબુસર નજીક નોંધાયું હતું. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા 2.8 માપવામાં આવી છે, જે હળવી ગણાય છે. જો કે, રાહતની વાત તો એ છે કે, હજી સુધી ભૂકંપથી કોઈ જાનમાલના નુકસાન થયાનું સામે આવ્યું નથી. ભરૂચ જિલ્લામાં અરબી સમુદ્રથી નર્મદા નદીને અડીને ફોલ્ટ લાઈન આવેલી હોવાથી ભૂકંપ અનુભવાતો હોય છે.




પોલીસ-મનપાને ખુલ્લો પડકાર ફેંકનારા

# ચૌટા બજારના દબાણકર્તાઓ સામે આખરે દળકટક ઊતર્યું

**એસીપી** મલ્હોત્રા અને સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક સુજલ પ્રજાપતિએ પોતપોતાની ટીમ સાથે બે કલાક સુધી ચૌટા બજારમાં ડ્રાઇવ ચલાવી

સુરત: શહેરના સેન્ટ્રલ ઝોનમાં સુરતના હાર્દસમાન ચૌટાબજારમાં દબાણો દૂર કરવા મેયર દક્ષેશ માવાણી અને ખુદ પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે ગુરુવારે ચૌટાબજારમાં જઇ દબાણો નહીં કરવા અને લોકોની સુવિધાનો ખ્યાલ રાખી રસ્તો ખુલ્લો રાખવા રીતસર સમજાવટ અને વિનંતી કરી હતી. સાથે સાથે જો હવે દબાણ થશે તો જવાબદારો સામે કાયદેસરની

...અનુસંધાન પાના ૭ પર



### ત્રણ ફૂટ પટ્ટો મારી આપવા દબાણકર્તાઓની માંગણી ફગાવાઈ

ચૌટા બજારમાં દબાણકર્તા વેપારીઓએ શનિવારે પોલીસ અને મનપાના અધિકારીઓ સમક્ષ એવી માંગણી કરી હતી કે, અહીં ધંધો કરવા માટે ચોક્કસ જગ્યા નક્કી કરી રસ્તાની બાજુમાં ત્રણ-ત્રણ ફૂટના પટ્ટા પાડી દેવામાં આવે. જેના પર બેસી વેપાર થઇ શકે. જો કે, પહેલેથી જ સાંકડી ગલીઓ ધરાવતા ચૌટા બજારમાં આ વ્યવસ્થા શક્ય નહીં હોવાથી અને દબાણકર્તાઓ સામે ઝૂકવાનો ચીલો પડે નહીં તેવા હેતુથી દબાણકર્તાઓની આ માંગણી ફગાવી દેવાઇ હતી. તેમજ દુકાનદારોને પણ દુકાનની બહાર દબાણ નહીં થવા દેવા ચીમકી અપાઇ હતી.

## મોડી રાત્રે રાજમાર્ગનાં દબાણો સામે ડ્રાઇવ


ટ્રાફિક, પાર્કિંગ અને દબાણો વચ્ચે કોટ વિસ્તારનો શ્વાસ રૂંધાયો
તંત્ર જોતું રહ્યું ને રાજમાર્ગ રાત્રી બજારોનું હબ બની ગયો
ચૌટા પુલમાં સવારે સ્ટેટીક દબાણો હટાવવાનું નાટક, સાંજે જૈસે થે

સુરત: ચૌટાબજારની જેમ જ છેલ્લા થોડા સમયથી રાજમાર્ગ પર ચોકબજારથી ભાગળ સુધી રીતસર બજાર ભરાવા માંડ્યું છે. દબાણકર્તાઓ માત્ર ફૂટપાથ નહીં રસ્તા પર પણ કબજો કરવા માંડ્યા છે. જેના કારણે રાજમાર્ગ પરથી રાત્રે આઠ વાગ્યા બાદ ફોરવ્હીલ તો ઠીક ટુ વ્હીલ લઇને નીકળવું પણ મુશ્કેલ થઇ રહ્યું છે. આ મુદ્દે પણ 'ગુજરાતમિત્ર' દ્વારા અહેવાલ રજૂ કરી શાસકો અને વહીવટી તંત્રનો કાન આમળ્યો હતો. જો કે, હવે દબાણો સામે શરૂ થયેલી કાર્યવાહીમાં પોલીસને પણ સાથ મળતાં શનિવારે

...અનુસંધાન પાના ૭ પર





# શહેરમાં વેચાતા માખણ ઘીના 6 નમૂના ફેઈલ

**ઉધના,** પુણા અને નાના વરાછાની ડેરીઓમાંથી સેમ્પલો લેવાયાં હતાં, 6 સબસ્ટાન્ડર્ડ સાબિત થયા

સુરત: શહેરમાં ખાદ્ય સુરક્ષા વિભાગની તપાસ દરમિયાન ઘી અને માખણમાં ભેળસેળનો ગંભીર મુદ્દો સામે આવ્યો છે. ઉધના, પુણા અને નાનાવરાછા વિસ્તારની છ ડેરીઓમાંથી લેવાયેલા ગાયના ઘી અને માખણના નમૂનાઓ ફૂડ લેબોરેટરી ટેસ્ટમાં ફેલ થતાં ગ્રાહકોના આરોગ્ય સામે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

ફૂડ લેબના રિપોર્ટ મુજબ ઉધના વિસ્તારની નવી ગુજરાત ડેરીના ત્રણ નમૂના ફેલ ગયા છે, જેમાં ગાયના ઘીમાં ભેળસેળ હોવાનું સામે આવ્યું છે. ઉપરાંત ઉધનાના શ્રીસાંઈ જલારામનગર વિસ્તારની ધરનરાજ ડેરીમાંથી લેવાયેલો ઘીનો નમૂનો પણ

...અનુસંધાન પાના ૭ પર

### ફેલ થયેલા નમૂનાઓની વિગતો

નવી ગુજરાત ડેરી, વિજયનગર, ઉધના - ઘી / ગાયનું ઘી (સબસ્ટાન્ડર્ડ)
ધરનરાજ ડેરી, શ્રીસાંઇ જલારામનગર, ઉધના - ઘી (સબસ્ટાન્ડર્ડ)
જનતા ડેરી ફાર્મ એન્ડ જનરલ સ્ટોર, જનતાનગર, બોમ્બે કોલોની - માખણ (સબસ્ટાન્ડર્ડ)
અમૃતધારા ડેરી એન્ડ સ્વીટ, રઘુરાજ એપા., અયોધ્યાનગર, પુણાગામ - માખણ (સબસ્ટાન્ડર્ડ)
નવી જલારામ ડેરી, શક્તિવિજય સોસાયટી, નાનાવરાછા - ઘી (સબસ્ટાન્ડર્ડ)

## ખરવરનગર મંદિરમાંથી હનુમાનજીનો મુગટ ચોરાયો

સુરત: ખટોદરા ખરવરનગર બ્રિજ નીચે આવેલા દક્ષિણ મુખી શનિ હનુમાન મંદિરમાંથી તસ્કર હનુમાનજીનો રૂ.50 હજારની કિંમતનો ચાંદીનો મુગટ ચોરી ફરાર થઈ ગયો હતો.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ મુળ રાજસ્થાનના વતની હનુમાનરામ ચુનીલાલ શર્મા ખટોદરા ખરવરનગર બ્રિજ પાસે આવેલા દક્ષિણ મુખી શનિ હનુમાન મંદિરમાં સેવા પુજા કરે છે અને ત્યાં જ રહે છે.ગત 16મીની મોડી રાત્રે હનુમાનરામ શર્મા સુઇ ગયા હતા.દરમિયાનમાં મોડી રાત્રે મંદિરમાં તસ્કર ઘુસ્યો હતો. તેણે પહેલા મંદિરમાં તપાસ કર્યા બાદ હનુમાનજીની મુર્તિ પાસે ગયો હતો અને હનુમાનજીને પહેરાવેલો રૂ.50 હજારની કિંમતનો ચાંદીનો મુગટ ઉતારી લઈ ભાગી છૂટ્યો હતો. બીજા દિવસે સવારે પુજારી હનુમાનરામ પુજા કરવા ગયા ત્યારે મુગટ

...અનુસંધાન પાના ૭ પર

# એક જ દિવસમાં રાત્રિનું તાપમાન 3.3 ડિગ્રી ઘટી ગયું

**મહત્તમ** તાપમાન ૩૩, લઘુત્તમ ૧૪.૮ ડિગ્રી નોંધાયું

સુરત: શહેરના હવામાનમાં આજે નોંધપાત્ર બદલાવ જોવા મળ્યો છે. ગઈકાલની સરખામણીએ આજે દિવસના મહત્તમ તાપમાનમાં નાનો ઘટાડો નોંધાયો છે, જ્યારે રાત્રિના લઘુત્તમ તાપમાનમાં વધુ ઘટાડો થતાં ઠંડકનો અહેસાસ વધ્યો છે.

હવામાન વિભાગના આંકડાઓ મુજબ તા. ૧૯ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ શહેરમાં મહત્તમ તાપમાન ૩૩.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે આજે તા. ૨૦ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ઘટીને ૩૩.૦ ડિગ્રી રહ્યું છે. આમ, દિવસના તાપમાનમાં ૦.૪ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. બીજી તરફ, રાત્રિના લઘુત્તમ તાપમાનમાં વધુ સ્પષ્ટ ફેરફાર જોવા મળ્યો છે. ગઈકાલે ૧૮.૧ ડિગ્રી રહેલું લઘુત્તમ તાપમાન આજે ઘટીને ૧૪.૮ ડિગ્રી થયું છે, એટલે કે ૩.૩ ડિગ્રી સેલ્સિયસનો નોંધપાત્ર ઘટાડો થયો છે. જેના કારણે વહેલી સવાર અને રાત્રે ઠંડકનો અહેસાસ વધ્યો છે.

આ સાથે હવામાં ભેજનું પ્રમાણ પણ ઘટ્યું છે. હવામાં આજે માત્ર ૩૨ ટકા ભેજના પ્રમાણ સાથે પવન સંપૂર્ણ શાંત રહ્યો છે. કુલ મળીને, શહેરમાં આજે દિવસ દરમિયાન હલકો તાપમાન ઘટાડો અને રાત્રે સ્પષ્ટ ઠંડક સાથે હવામાન શુષ્ક બન્યું હોવાનું જોવા મળ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતના તાપમાનમાં પણ ભારે ફેરફાર જોવા મળી રહ્યો છે. પહેલા નવસારી અને વલસાડ 12 ડિગ્રી સાથે ઠંડા રહ્યાં બાદ અચાનક દાહોદમાં સૌથી ઓછું તાપમાન નોંધાયું હતું. ત્યારબાદ અમરેલી અને રાજપીપળામાં 12 ડિગ્રી નોંધાઈ રહી છે. જો કે સુરતમાં તાપમાન ઊંચુ રહે છે.

# સુરતનું 'મિની બાંગ્લાદેશ' ખાલી

**ઉનમાં** મેપિંગની કામગીરી શરૂ થતાં જ 500થી વધુ લોકો રાતોરાત ઘરને તાળાં મારી અદૃશ્ય થઇ ગયાં

સુરત ચૂંટણીપંચ દ્વારા હાથ ધરવામાં આવેલી SIRની કામગીરી બાદ ગઈકાલે મતદારોની ડ્રાફ્ટ યાદી જાહેર કરવામાં આવી છે. SIRની કામગીરી શરૂ થતાંની સાથે જ સુરતના ઉન વિસ્તારને અડીને આવેલા 'મિની બાંગ્લાદેશ' તરીકે ઓળખાતા બંગાળી મહોલ્લાના સામે આવેલાં દૃશ્યો સુરક્ષા એજન્સીઓ અને સ્થાનિક વહીવટી તંત્રની ઊંઘ ઉડાવી દીધી છે. અહીં રહેતા 500થી વધુ લોકો રાતોરાત ગાયબ થઈ ગયાં છે.

ચૂંટણીપંચના આંકડા મુજબ, બૂથ નંબર 517 હેઠળ આવતા આ વિસ્તારમાં અગાઉ 950 જેટલા મતદારો નોંધાયેલા હતા, જોકે જ્યારે BLO દ્વારા ગ્રાઉન્ડ લેવલ પર SIRની કામગીરી હાથ ધરવામાં આવી ત્યારે ચોંકાવનારી હકીકત સામે આવી કે એમાંથી માત્ર 400 મતદારોનું જ મેપિંગ થઈ શક્યું છે. બાકીના 550 મતદારો ક્યાં છે? શું તેઓ રાતોરાત અદૃશ્ય થયા કે પછી કોઈ મોટા ડરને કારણે ભાગી છૂટ્યા? આ સવાલો હાલ સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યા છે.



### હજી પણ કેટલાક બાંગ્લાદેશી રહે છે



આ અંગે ઉન વિસ્તારના કોર્પોરેટર ચિરાગ સોલંકીએ જણાવ્યું હતું કે, સરની જે કામગીરી થઇ છે તેની અસર ભારતમાં વસતા ગેરકાયદે બાંધકામ પર દેખાઇ રહી છે. ઉન વિસ્તાર જેને સુરતમાં મીની બાંગ્લાદેશ તરીકે ઓળખવામાં આવે છે ત્યાંથી અનેક લોકો નવ દો ગ્યારહ થઇ ગયા છે. જો કે હજી પણ કેટલાક લોકો અહીં રહી રહ્યાં છે. મેપિંગની કામગીરીના કારણે તેમનામાં ફફડાટ ફેલાયો છે.

### અમારા મકાનની પાછળ આવેલી આખી ગલી ખાલી થઇ ગઇ છે

એક જ વિસ્તારમાંથી એકસાથે 550 મતદારો ગુમ થતાં પોલીસ અને તપાસ એજન્સીઓ હવે એ દિશામાં તપાસ કરી રહી છે. આ સાથે જ 550 લોકોએ ક્યા આધારે ચૂંટણીકાર્ડ મેળવ્યાં હતાં? તેમને ડોક્યુમેન્ટ્સ બનાવી આપવામાં કોણે મદદ કરી? શું આ લોકો પાસે ભારતીય નાગરિકતાના અન્ય પુરાવા (આધાર કાર્ડ, પાન કાર્ડ) પણ હતા? વિદેશી ઘૂસણખોરો હતા કે નહીં? એ સવાલો પણ ઊભા થયા છે. અહીંની એક સ્થાનિક મહિલાએ જણાવ્યું હતું કે, અગાઉ અહીં ઘણા બાંગ્લાદેશી અને બંગાળી લોકો રહેતા હતા. પરંતુ એપ્રિલ પછી એકાએક તેઓ અહીંથી ચાલ્યા ગયા છે. કેટલાક લોકોએ તો તેમની રૂમ પણ ભાડે આપી દીધી છે. તેમની પાછળની ગલીના તમામ મકાનો ખાલી છે.

## સાયબર ફ્રોડમાં બે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની ધરપકડ

અમદાવાદ : બોગસ કંપનીઓ અને બેંક એકાઉન્ટ ખોલી સાયબર ફ્રોડ કરતા બે ચાર્ટર્ડ એકાઉટન્ટની ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી તેમની પાસેથી 51.90 લાખનો મુદ્દામાલ જપ્ત કરી તેઓ વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના સૂત્રોના જણાવ્યા મુજબ અમદાવાદ શહેરના સી.જી. રોડ ખાતેથી આકાશ સોની એન્ડ કંપની ચાર્ટર્ડ એકાઉન્ટની ઓફિસ ખાતે દરોડો પાડી આકાશ પિયુષભાઈ સોની (રહે, ગેલેરીયા તુલિપ પ્રેમચંદ નગર રોડ અમદાવાદ, મૂળ રહે સુરેન્દ્રનગર) તેમજ મનોજ કનૈયાલાલ રામાવત (ઉં.વ. 44 રહે સંકલ્પ એપાર્ટમેન્ટ રાણીપ, મૂળ રહે, રાજસ્થાન)ની ધરપકડ કરી તેમની પાસેથી 12 મોબાઈલ, 1 હાર્ડ ડીસ્ક, 3 લેપટોપ, 2 પેન ડ્રાઈવ, 26 સીમકાર્ડ જુદા જુદા કંપનીના ડાયરેક્ટર તથા પ્રોપરાઈટરના હોદ્દાના 83 સિક્કા, 103 જુદી જુદી બેંકોની ચેકબુક સહિત જુદા જુદા દસ્તાવેજો અંદાજે કિંમત 51.90 લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે. મનોજ રામાવત 15 વર્ષ સુધી જુદી જુદી બેંકોમાં સેલ્સ એજ્યુકેટીવ અને

...અનુસંધાન પાના ૭ પર


### ભાવભીની શ્રદ્ધાંજલિ



ઉદયનો અસ્ત સનાતન સત્ય છે
આપની આત્માને શાંતિ અર્પે
તેવી પ્રભુ પ્રાર્થના.

લિ.
વાસુદેવ ગોપલાણી એડવોકેટ | એસ. ડી. ભંડારી તમામ સ્ટાફ મેમ્બર્સ

સ્વ. યશવંતભાઈ બાબુભાઈ વાલેકર
સ્વ.તા. ૧૭/૧૨/૨૦૨૫

### દુઃખદ અવસાન-બેસણું



દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી યશવંતભાઈ બાબભાઈ વાલેકર તા. ૧૭/૧૨/૨૦૨૫ને બુધવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. સદ્દગતનું બેસણું તા. ૨૨/૧૨/૨૦૨૫ને સોમવારના રોજ સાંજે ૫.૦૦ થી ૭.૦૦ કલાક દરમ્યાન રાખેલ છે.

બેસણાનું સ્થળ : ગુર્જર ક્ષત્રિય સમાજની વાડી, મેરૂલક્ષ્મીના મંદિર પાસે, પાલનપુર પાટીયા, રાંદેર રોડ, સુરત.

લિ.
સુરેશભાઈ બાબુભાઈ વાલેકર
દિપકભાઈ બાબુભાઈ વાલેકર
શૈલેષભાઈ બાબુભાઈ વાલેકર
વિજયભાઈ બાબુભાઈ વાલેકર
સાગર યશવંતભાઈ વાલેકર
વાલેકર પરિવારનાં જય રણછોડ

સ્વ. યશવંતભાઈ બાબુભાઈ વાલેકર
સ્વ.તા. ૧૭/૧૨/૨૦૨૫

### સાતમી માસીક શ્રદ્ધાંજલિ



કર્મ એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે. દુઃખથી કદી ડર્યા નહીં, સુખથી કદી છલકાયા નહીં. ધર્મ કદી ભૂલ્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં. જીવનના તડકા-છાંયડામાં સધિયારો આપતાની લાગણી અને ઘરને પેઢીઓ સુધી મહેંકતું સુખધામ બનાવવાની એમની કર્તવ્યપરાયણતા અમુલ્ય છે.

લિ.
સ્વ. રતુબેન રણછોડભાઈ પટેલ
ગં.સ્વ. સવિતાબેન રણજીતભાઈ પટેલ(મગદલ્લા)
ભાનુબેન અમરતભાઈ પટેલ(મગદલ્લા)
સ્વ. હેમલતાબેન રણછોડભાઈ પટેલ
સુધાબેન હરીશભાઈ પટેલ(પીપલોદ)
તારાબેન હરીશભાઈ પટેલ(ભરથાણા)
દેવીલાબેન ગીરીશભાઈ પટેલ(ખજોદ)

સ્વ. રણછોડભાઈ ધનજીભાઈ પટેલ
સ્વ.તા: ૨૧/૦૫/૨૦૨૫

સ્થળ : પ્લોટ નં, A-43, પરસોત્તમ નગર સોસાયટી, અલથાણ ગાર્ડનની પાછળ, અલથાણ, સુરત.

### દુઃખદ અવસાન- શોક સભા

જય શ્રી કૃષ્ણ



ગં.સ્વ.કંચનગૌરી સી. પોપટ
સ્વ.તા.૨૦/૧૨/૨૦૨૫

દિલગીરી સહ જણાવવાનું કે, અમારા **પૂજ્ય માતા ગં.સ્વ. કંચનગૌરી છગનલાલ પોપટ** નું તારીખ. ૨૦/૧૨/૨૦૨૫ ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સદગતની સ્મશાનયાત્રા તા.૨૧/૧૨/૨૦૨૫ ના રોજ સવારે ૧૦ કલાકે અમારા નિવાસસ્થાનઃ ૬૭, સુભાષનગર સોસાયટી, જમના નગર મેઈન રોડ, રામચોક, ઘોડદોડ રોડ સુરતથી નીકળી રામનાથઘેલા, ઉમરા, સુરત મુકામે જશે. તેમજ ટેલીફોનીક શોકસભા તા.૨૧/૧૨/૨૦૨૫ ના રોજ સાંજે ૪ થી ૫ કલાકે રાખવામાં આવેલ છે.

પ્રભુ સદગતના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લિ. હેમેન્દ્ર -કોકીલા (પુત્ર-પુત્રવધુ)
સ્વ. અરૂણ - ગં.સ્વ. ઉષા (પુત્ર-પુત્રવધુ)
ભૂપત - દર્શના (પુત્ર-પુત્રવધુ)
નલિની - નલીનકાંત, રેખા - હર્ષવર્ધન (પુત્રી-જમાઈ)
પીનલ-માનસી, સમીર-પ્રતિક્ષા, ડો.ભાવેશ-ડો.પલક, ઋષિ-સીમા
ડો.રોહન-ડો.ખુશ્બુ, રાહુલ-નિધિ
આરવ, શૌર્ય, આદિત, વિવાન, આહાન, આર્નવ, આરૂષ - નિયારા
શિવશકિત ગૃપ

ભુપતભાઈ- ૯૮૨૫૧૧૦૫૨૨ -- હેમેન્દ્રભાઈ - ૯૦૯૯૦૮૨૨૦૦, ઋષિભાઈ - ૯૯૨૫૯૪૫૨૨૨

### અવસાન,બેસણું,શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીકસ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીકસ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

### હાર્દિક શ્રદ્ધાંજલિ



ઉદયનો અસ્ત સનાતન સત્ય છે
આપની આત્માને શાંતિ અર્પે
તેવી પ્રભુ પ્રાર્થના.

લિ.
એન. આર. મેઘાણી | સલીના મોમીન
રાજેશ એસ. પુજારા | દિપક ઠાકર
સમીર સી. પટેલ
એડવોકેટ્સ

સ્વ. યશવંતભાઈ બાબુભાઈ વાલેકર
સ્વ.તા. ૧૭/૧૨/૨૦૨૫

### બીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શકિત હતી, પરિવાર જેનું જર્તવ્ય હતું, પરમાર્થ જેની ભકિત હતી, ધર્મ કદી ભૂલ્યા નહીં, વ્યવહાર કદી ચૂકયા નહીં, પરિવાર માટે ફુલો પાથરી ગયા, એવા દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના.

લિ.
ગં.સ્વ.ચંચુબેન રણછોડભાઈ પટેલ
જયંતીભાઈ ડાહ્યાભાઈ પટેલ | કૈલાશબેન જયંતીભાઈ પટેલ
ધીરજભાઈ રણછોડભાઈ પટેલ | મનીષાબેન ધીરજભાઈ પટેલ
સ્વ.જશવંતભાઈ રણછોડભાઈ પટેલ
સ્વ.જયેશભાઈ રણછોડભાઈ પટેલ | ગં.સ્વ.દિપીકાબેન જયેશભાઈ પટેલ
સૌરીનભાઈ જયતીભાઈ પટેલ | દિપાલીબેન સૌરીનભાઈ પટેલ
દેવકુમાર ધીરજભાઈ પટેલ | ફેજલબેન યશભાઈ પટેલ
યશકુમાર દિનેશભાઈ પટેલ | મીરા, મીશા

સ્વ.રણછોડભાઈ ડાહ્યાભાઈ પટેલ
સ્વ. તા.: ૨૧-૧૨-૨૦૨૩

સ્થળ : ''સાંઈકૃપા'' બેંક ઓફ બરોડા સામે, રૂઢ-મગદલ્લા, મેઈન રોડ, સુરત.